હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૨૩૬૦ કેસ

રાજ્યમાં ૨૪ કલાકમાં નવ વ્યક્તિનું મોત : અત્યાર સુધીમાં કુલ ૨૯૦૫૬૯ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૬૨૦ કેસ

ગાંધીનગર,તા.૩૧

ગુજરાતમાં ફરી એકવાર કોરોના વકર્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૨૩૬૦ નવા કેસ નોંધાયા છે. તેની સામે ૨૦૦૪ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આજે ૯ વ્યક્તિના કોરોનાથી મોત થયા છે. જો કે, રાજ્યમાં કોરોનાનો કુલ આંક ૩,૦૭,૬૯૮ પર પહોંચી ગયો છે. જ્યારે અત્યાર સુધીમાં ૨,૯૦,૫૬૯ દર્દીઓ કોરોનાને મ્હાત આપી છે. આ સાથે કોરોનાથી દર્દીઓનો મૃત્યુઆંક ૪,૫૧૯ પર પહોંચ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૪૯,૪૫,૬૪૯ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૬,૬૫,૩૯૫ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું. આમ કુલ ૫૬,૧૧,૦૪૪ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૧,૭૨,૪૬૦ વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૧૯,૩૪૭ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં કોવિડ-૧૯ ના ૨૩૬૦ દર્દીઓ નોંધાયા છે અને રાજ્યભરમાંથી ૨૦૦૪ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ રાજ્યનો રીકવરી રેટ ૯૪.૪૩ ટકા જેટલો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના લીધે ૨,૯૦,૫૬૯ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨,૬૧૦ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૧૫૨ છે. જ્યારે ૧૨,૪૫૮ લોકો સ્ટેબલ છે. ૪,૫૧૯ લોકોનાં મોત નિપજ્યા છે. આ ઉપરાંત જિલ્લાની વાત કરીએ તો અમદાવાદ જિલ્લામાં ૬૨૦ કેસ નોંધાયા છે. જ્યારે વડોદરા જિલ્લામાં ૩૪૧, સુરત જિલ્લામાં ૭૪૪ અને રાજકોટ જિલ્લામાં ૨૦૮ કેસ નોંધાયા છે. ત્યારે અમદાવાદમાં ૩ કોરોના દર્દીના મોત થયા છે. સુરતમાં ૩, ખેડામાં ૧, મહિસાગરમાં ૧ અને વડોદરામાં ૧ દર્દીનું મોત થયું છે એમ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૯ દર્દીઓના કોરોનાથી મોત થયા છે.

ખૂણેખાંચરેથી

- કડી કોલેજના અધ્યાપક પ્રણવ જોશીપુરાનો આખો પરિવાર કોરોનાથી સંક્રમિત થયેલ છે.
- જૈન સમાજના અગ્રણી ભરતભાઈ શાહ પણ કોરોનાથી સંક્રમિત થયા છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે ત્યારે સરકારે ૧૨ જેટલા રેસિડેન્ટ ડોક્ટરોની વડોદરા ખાતે બદલી કરી છે.
- ગઈકાલે બપોરના બે વાગ્યા પછી ટ્રેઝરી દ્વારા બિલો સ્વીકારવાનું બંધ કરાયા બાદ સરકારે ૪ વાગ્યાના સુમારે વિવિધ ગ્રાન્ટોની ફાળવણીના હુકમો કર્યા છે.
- જિલ્લાના બે વેટરનરી ડૉક્ટરો પણ કોરોનાથી સંક્રમિત થયા છે.
- ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૯૨૫ લોકોને વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- રાજ્ય સરકારે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૨ કેસ નોંધાયાનું કહ્યુ છે તો જિલ્લાતંત્રએ ૨૫ કેસ નોંધાયાનું જણાવ્યુ છે.
- આજે ૩૧મી માર્ચ હોવા છતાં સરકારી કચેરીઓમાં નાણાંકીય વર્ષના અંતે જોવા મળતી ભીડ જોવા મળી ન હતી.

જિલ્લામાં બે વર્ષમાં ૧૪૯ વાહનચોર પકડવામાં આવ્યા છે : પ્રદીપસિંહ

સચિવાલયમાં સેક્શન અધિકારીની ૧૦૭ અને ઉપ સચિવની ૯૩ જગ્યા ખાલી છે : મહાત્મા મંદિરમાં બે વર્ષમાં 33 સરકારી અને ૪૨ ખાનગી કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૩૧

વિધાનસભાના અંદાજપત્ર સત્રનો ગુરૂવારે અંતિમ દિવસ છે. વિધાનસભાની આજે બે બેઠક હતી. બપોરના વિરામ બાદ પ્રશ્નોત્તરી હાથ ધરવામાં આવી હતી. આજે ગૃહમાં સામાન્ય વહીવટ વિભાગ, ગૃહ, શહેરી વિકાસ, પોલીસ હાઉસીંગ, જેલ, નશાબંધી વિભાગને લગતી પ્રશ્નોત્તરી હતી.

● **ઘન કચરામાંથી વીજ ઉત્પન્ન કરવા બાબત**

કોંગીના બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલે ગાંધીનગર શહેરમાં ઘન કચરામાંથી વીજળી ઉત્પન્ન કરવાના પ્લાન્ટને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શહેરી વિકાસ મંત્રીએ જણાવ્યુ છે કે ગુજરાત વેસ્ટ ટુ એનર્જી પોલીસી ૨૦૧૬ અન્વયે આવો પ્લાન્ટ શરૂ કરવાનું હાલ કોઈ આયોજન નથી તેમ જણાવ્યુ છે.

● **પોલીસ વિભાગ માટે બિન રહેણાંકના મકાન**

કીર્તિસિંહ વાઘેલા, બલરાજસિંહ ચૌહાણ અને હિતુ કનોડિયાએ ગાંધીનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન રહેણાંકના મકાનો ૩૧-૧-૨૦ની સ્થિતિએ કેટલા બનાવાયા તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યુ છે કે ૬ મકાનો બનાવાયા છે.

આ મકાનોના નિર્માણ પાછળ રૂ. ૧૬૦૯.૫૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે તેમ પણ તેમણે સભ્યોના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

● **જિલ્લામાં વાહનચોરી**

થરાદના ગુલાબસિંહ રાજપૂતે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ વાહનચોરીના બનાવો અંગે પુછેલા એક લેકિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૨૭૩ દ્વિચક્રી વાહનોની ચોરીના કિસ્સામાં ૨૭૭ વાહનોની ચોરી થઈ હતી.

દ્વિચક્રી વાહન ચોરીના ૨૬ કિસ્સા, ચતુષ્ય ફ્રી વાહનોની ચોરીના ૪૨ અને ભારે માલવાહક વાહન ચોરીનો ૧ કિસ્સો નોંધાયેલ છે.

તેમણે સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે દ્વિચક્રી વાહન ચોરીના ૧૧૫ કેસનો ભેદ ઉકેલી ૧૪૨ વાહનો માલિકોને પરત સોંપાયા છે.

૧૩ દ્વિ ચક્રી વાહનોની ચોરીનો ભેદ ઉકેલી ૧૪ વાહનો માલિકોને પરત સોંપવામાં આવ્યા છે. ચાર પૈડાના વાહનોની ચોરીના ૧૮ કેસના ભેદ ઉકેલીને ૨૦ વાહનો માલિકોને પરત સોંપાયા છે.

જિલ્લામાં ૧૪૯ વાહનચોર પકડવામાં આવ્યા છે. ૧૬૬ જેટલા વાહન શોધવાના કિસ્સા બાકી છે.

● **માણસાના હેતવા તળાવનો પાઈપલાઈનથી ભરવા**

માણસાના સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ હેતવા તળાવ પીયજ ધરોઈ પાઈપલાઈનથી ભરવા માટેની કામગીરી અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીએ જણાવ્યુ છે કે તળાવ જોડાણ માટેની પ્રવર્તમાન નીતિ તથા ભૌગોલિક પરિસ્થિતિના કારણોસર અગાઉ જોડી શકાયેલ નથી. રજુઆતવાળુ તળાવ નીમ થયાના સાધનિક દસ્તાવેજો સહિતની માંગણી થયા બાદ તાંત્રિક અભ્યાસો અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરીને પાણીની ઉપલબ્ધિ અનુસાર પિયજ ધરોઈ પાઈપલાઈનથી જોડવાનું આયોજન કરી શકાય.

વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

● **માણસા શહેર અને ગ્રામ્યનું અલગ પોલીસ સ્ટેશન બનાવવા બાબત**

માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ માણસા શહેર અને ગ્રામ્ય માટે અલગ પોલીસસ્ટેશન નથી તે અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ગૃહ રાજ્યમંત્રીએ જણાવ્યુ છે કે હા આ વાત સાચી છે. આ પોલીસ સ્ટેશન અલગ-અલગ ઉભા કરવાની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

● **અને છેલ્લે...**

કોંગ્રેસના રઘુભાઈ દેસાઈએ સચિવાલયમાં સેક્શન અધિકારી વર્ગ-૨ની ખાલી જગ્યા અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે સેક્શન અધિકારીની ૧૦૭ અને ઉપ સચિવ વર્ગની ૯૭ મળી ૨૦૦ જગ્યા ખાલી છે.

મહાત્મા મંદિરમાં છેલ્લા બે વર્ષમાં ૩૩ સરકારી અને ૪૨ ખાનગી કાર્યક્રમોનું આયોજન થયાનું ઉદ્યોગમંત્રીએ જણાવ્યુ છે.

કલોલ ન.પા.ની જમીન પર ગેરકાયદેસર દબાણનો મુદ્દો પણ આજે ગૃહની પ્રશ્નોત્તરીમાં ચમક્યો હતો. આ અંગે બળદેવજી ઠાકોર અને સુરેશભાઈ પટેલે લેખિત પ્રશ્નો પુછ્યા હતા.

શાલીન કોમ્પ્લેક્ષના મીટર બોક્ષમાં આગ લાગી

ગાંધીનગર શહેરના સેકટર-૧૧ શાલીન કોમ્પ્લેક્ષ ખાતે સાંજના સુમારે અચાનક આગ લાગી હતી. આગને પગલે ધુમાડાના ગોટા થતા સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જયારે આગને પગલે વેપારીઓમાં પણ ભય ફેલાયો હતો. જયારે બનાવની જાણ ફાયર વિભાગને થતા ફાયર ટીમના જવાનો તાત્કાલીક પહોંચી જઈને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગ વધુ પ્રસરે નહી તે માટે ખાસ તકેદારી લેવામાં આવી હતી. શાલીનમાં શોર્ટ સર્કિટને પગલે મીટરબોક્ષમાં લાગી હતી. જયારે આગ અંગે ફાયર વિભાગના રાજકુમાર રાજપૂતને પુછતા તેમણે જણાવ્યું હતું કે ઉનાળાની ગરમી અને ઓવરલોડને પગલે આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં લાગી રહ્યું છે.

સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપિંગમાં ગટરના દુષિત પાણીના ભરાવાથી વેપારીઓને ગુંગળામણ

શહેરના રહેણાંક વિસ્તારની સાથે કોર્મશિયલ ઝોનમાં પણ ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો વિશેષ

ગાંધીનગર તા ૩૧

શહેરના સેકટરોના રહેણાંક વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યા વધુ પેચીદી બનતી જાય છે. ગટરના દુષિત પાણી સ્માર્ટ સીટીની આગવી ઓળખ બની ગયા હોય તેવી સ્થિતિ છે. જયારે સેકટરોના કોર્મશિયલ વિસ્તારમાં પણ ગટરોના દુષિત પાણી ફરી વળતા વેપારીઓ અને મુલાકાતીઓ ત્રાહીમામ પોકારી ગયા છે. સે-૨૧ માં પણ ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર પાસે દુકાનો નજીક જ દુષિત પાણીનુ તળાવ ઉભરાયુ છે.

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યાનો અંત આવતો નથી. એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે ગટર લાઈન પણ નવી નાંખવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે. પરંતુ હાલ સેકટરોમાં વારંવાર ગટરના દુષિત પાણી ઉભરાતા હોવાની ફરિયાદો સ્થાનિકો માટે રોષનુ કારણ બને છે. શહેરના રહેણાંક વિસ્તારમાં ગટરના દુષિત પાણી ઉભરાતા હોવાથી અનેકવાર સ્થાનિકો તંત્ર સમક્ષ ફરિયાદો કરે છે. જયારે સેકટરની વસતી અને વિકાસ મુજબ ગટર લાઈનને પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. જયારે આ સમસ્યા નિવારવા માટે મોટા ડાયામીટરની લાઈન નાંખવા માટે કામગીરી ટુંકમાં હાથ ધરાશે. શહેરના રહેણાંક વિસ્તારની સાથે કોર્મશિયલ વિસ્તારમાં પણ ગટરો ઉભરાતા વેપારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. સે-૧૧ અને સે-૧૬ માં પણ વારંવાર ગટરો ઉભરાવાની ફરિયાદોથી માર્ગો પર દુષિત પાણી ફરી વળે છે. હાલ સે-૨૧ માં પણ ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં ગટરો ઉભરાતા દુષિત પાણીનુ તળાવ ઉભરાયુ છે. સેકટરના શોપિંગ વિસ્તારમાં જ ગંદુ પાણી ઉભરાતા મુલાકાતીઓ પણ ગંદકીથી તોબા પોકારી ગયા છે. વેપારીઓ પણ આ સ્થિતિ વચ્ચે રોગચાળાની દહેશત અનુભવી રહ્યા છે. સે-૨૧ માં ફરસાણની દુકાનો પાસે જ આ પ્રકારની ગંદકી જોવા મળે છે. ત્યારે સ્માર્ટ સીટીમાં આમ નાગરિકોનુ આરોગ્ય જોખમાય તેવી સ્થિતિ છે. સેકટરમાં ગટર ઉભરાવાની સમસ્યા ત્વરિત હલ થાય તે માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

આજથી બીએસએફ ઈન્ડિયા બ્રીજની સુરક્ષા ગુજરાત પોલીસને સોંપશે

ગુજરાતના કચ્છના રણ વિસ્તારમાં સ્થાપિત થવા જઈ રહેલ ઉર્જા પાર્ક તેમજ ખાવડા-વિધાકોટ રાજમાર્ગ પર બનાવાયેલ ઈન્ડિયા બ્રીજની સુરક્ષા હેતુ તા. ૧લી એપ્રિલ-૨૦૨૧થી સીમા સુરક્ષા દળ ગુજરાત પોલીસને સોંપશે. અત્યારે ઈન્ડિયા બ્રીજ જે બીએસએફના સંશોધનોને લાવવા-લઈ જવા માટે ઉપયોગમાં લેવાય છે જેમાં ભારત-પાકિસ્તાન સીમા તરફની આવન-જાવન માટેનું સંચાલન અને સુરક્ષાની જવાબદારી બીએસએફની ટીમ સંભાળે છે. તેને આ વિસ્તારની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને સીમા પર તૈનાત કરવામાં આવશે.

કચ્છમાં અત્યારે વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ ઉર્જા પાર્ક તૈયાર થઈ રહ્યો છે જેમાં વિવિધ ઉદ્યોગલક્ષી વાયુ તથા સૂર્યઉર્જાના નિર્માણ માટેના એકમો સ્થાપિત કરવામાં આવશે. વિકાસની આ ગતિવિધીમાં હજારો મજૂરો, વાહનો, ભારે મશીનરી તથા ઉપકરણોનો સમાવેશ થવાની અપેક્ષાએ આ વિસ્તારની સુરક્ષા મહત્વની બની રહી છે જેને અનુલક્ષીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આજે વિધાનસભામાં રજૂ થઈ શકે છે લવ જેહાદ બિલ

રાષ્ટ્રપતિના હસ્તાક્ષર થતા કાયદો અમલમાં આવશે : ગુજરાત લવ જેહાદ કાયદામાં હોઈ શકે છે ૩થી ૧૦ વર્ષની જેલ અને રૂપિયા પાંચ લાખની દંડની જોગવાઈ

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત સરકારે પણ લવ જેહાદ મામલે કાયદો બનાવવા માટેનું મન બનાવી લીધુ છે. હાલમાં રાજ્યટમાં બજેટ સત્ર ચાલી રહ્યું છે, ત્યારે બજેટ સત્રના અંતિમ દિવસે રાજ્ય સરકાર લવ જેહાદ મામલે બીલ રજુ કરી શકે છે. સૂત્રો અનુસાર, લવ જેહાદ બીલ માટે સરકારે પુરી તૈયારીઓ કરી લીધી છે. બજેટ સત્રના અંતિમ દિવસે સરકાર વિધાનસભા ગૃહમાં બીલ રજુ કરશે. આ બીલમાં લવ જેહાદ મામલે કડક સજા અને દંડની જોગવાઈ કરવામાં આવશે, તથા ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક ૨૦૨૧ના નામે વિધાનસભા ગૃહમાં બીલ રજૂ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, લવ જેહાદ બિલમાં આરોપી સામે ૫ વર્ષની કેદ અને રૂ. ૨ લાખ કરતાં ઓછો નહિ એટલા દંડની સજાની જોગવાઈ હશે. આ સિવાય અનુસૂચિત જાતિ - અનુસૂચિત જનજાતિની સ્ત્રી સાથે બનેલા ગુનામાં ૭ વર્ષની કેદ અને રૂ. ૩ લાખથી ઓછો નહિ એટલો દંડ થશે. ગુજરાતમાં ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક ૨૦૨૧ના નામે વિધાનસભા ગૃહમાં બિલ રજૂ થશે. લવ જેહાદ મામલામાં ગુનાની તપાસ જીલ્લા પોલીસ વડા અને ડીવાયએસપી કરશે, તથા સંસ્થા - સંગઠનોના સંચાલક સામે ૩થી ૧૦ વર્ષની સજા અને રૂ. ૫ લાખનો દંડ થશે.

સરકાર ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ ૨૦૦૩માં સુધારા કરીને પ્રલોભન, બળજબરી, ગેરરજૂઆત અથવા બીજા કોઈ કપટયુક્ત સાધન મારફત ધર્મ પરિવર્તન કરાયું હોવાનું જણાશે તો તેવા કિસ્સામાં દંડ અને સજાની જોગવાઈ વધુ આકરી બનાવવામાં આવશે. આ ઉપરાંત જો આ પ્રકારનો ગુનો સગીર અથવા અનુસૂચિત જાતિ-આદિ જાતિની વ્યક્તિના કિસ્સામાં બન્યું હશે તો ૪ વર્ષથી ૭ વર્ષ સુધીની સજા અને ૩ લાખથી ઓછો નહીં તેટલો દંડ કરવામાં આવશે.

લવજેહાદના કિસ્સામાં કેટલીક વ્યક્તિઓ ગુનો કરવામાં મદદગારી કરનાર સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને પગલા લેવામાં આવશે કેટલાક કિસ્સામાં બિનજામીનપાત્ર ગુનો પણ બનશે. આ સાથે જ સરકારે આ કાયદા હેઠળ આરોપીના માથે પૂરાવા રજૂ કરવાના ભારને નાખ્યો છે. એટલે કે જેમના પર જબરજસ્તીથી ધર્માંતરણનો આરોપ લાગ્યો છે તેમણે આ કાયદા હેઠળ પોતાની નિર્દોષતાના પૂરાવા રજૂ કરવા સાથે સાબિત કરવું પડશે કે ધર્માંતરણ કોઈ ધાક ધમકી કે લાલચ કે પછી છેતરીના કરવામં આવેલા લગ્નના આધારે નથી થયું પરંતુ વ્યક્તિની પોતાની સ્વતંત્ર ઈચ્છાથી થયું છે.

સે-૨૯ માં જ અને છ કક્ષાના ૧૨ બ્લોક તોડવામાં આવશે

જુના અને જોખમી આવાસો તોડીને નવા મકાનો બાંધવા માટે કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર તા ૩૧

શહેરમાં જુના અને જર્જરિત સરકારી મકાનો તોડીને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. સે-૨૯ માં પણ નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે સકટરોમાં જુના મકાનો ખાલી કરાવી તેને તોડવા માટે પણ ટુંકમાં કામગીરી હાથ ધરાશે. સેકટરમાં જ અને છ કક્ષાના ૧૨ જેટલા બ્લોક તોડવામાં આવશે. હાલ આ બ્લોક ખાલી કરાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરમાં નવા આવાસો બાંધવા માટે આગામી દિવસોમાં કામ હાથ ધરાશે. અગાઉ સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવા મકાનો બાંધવામાં આવ્યા હતા. જુના અને જર્જિત આવાસો તોડીને માર્ગ મકાન વિભાગ દ્વારા નવા કોર્પોરેટ લુક ધરવતા સરકારી આવાસો બાંધવામાં આવી રહ્યા છે. છેલ્લા ઘણાં સમયથી શહેરમાં જુના આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. જુના અને જોખમી મકાનો રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે નવા આવાસો બાંધવાની કામગીરી પણ ઝડપથી થાય તે મુજબ આયોજન કરવામાં આવી રહ્યુ છે. લાંબા સમયના અંતે સે-૨૯ માં વંદે માતરમ કોલોનીની બાજુમાં જ નવા આવાસો બાંધવા માટે તંત્રએ નિર્ણય લીધો છે. ત્યારે સેકટરવાસીઓએ સેકટરની વસતી અને હરિયાળી બન્ને પરિબળોને ધ્યાનમાં લઈને આ ઠેકાણે આવાસો ન બાંધવામાં આવે તેવી લાગણી પણ વ્યકત કરી છે.

હરિયાળીનો સોથ ન વળે તે માટે પણ સતત રજુઆતો કરવામાં આવી રહી છે. બીજીતરફ સેકટરમાં નવા આવાસો બાંધવા માટે હાલ આવાસો ખાલી કરાવવામાં આવી રહ્યા છે. સેકટરમાં છ અને જ કક્ષાના ૧૨ જેટલા બ્લોક ખાલી કરાવામાં આવ્યા છે. જયારે અંતિમ તબક્કામાં બાકીની પ્રક્રીયા ચાલી રહી છે. આગામી દિવસોમાં આ જોખમી આવાસો તોડવા માટે કામગીરી હાથ ધરાશે. સે-૨૯ માં નવા સરકારી આવાસોને અનુલક્ષી ટાવરો ઉભા કરાશે. હાલ શહેરના અન્ય સેકટરોમાં પણ જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર મંજુરીના અંતે કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. ત્યારે નવા આવાસો બાંધવા માટે પણ જુના આવાસો તોડી જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. સરકારી આવાસો માટે તંત્રના ચાપડે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થઈ છે. બીજીતરફ હાલ રહેણાંકને લાયક પુરતા આવાસો ન હોવાના લીધે કર્મચારીઓને મકાનો ફાળવી શકાતા નથી.

શહેરમાં સરકારી અને ખાનગી લેબમાં રોજના ૧૬૦૦થી વધુ કોરોનાના થતા ટેસ્ટ

રાજયના પાટનગરમાં પણ કુદકે અને ભુસકે કોવીડના દર્દીઓ વધી રહ્યા છે. કોરોના સંક્રમણને પગલે પાટનગરવાસીઓ પણ ભયભીત બન્યા છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલ અને ખાનગી કોવીડ હોસ્પિટલ મળીને અંદાજીત ૩૦૦ થી વધુ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે કોરોનાના વધતા જતા સંક્રમણને પગલે શહેરવાસીઓ જાગૃત બન્યા છે. સામાન્ય જો શરદી કે અન્ય કોરોનાના લક્ષણ જણાય તો તાત્કાલીક કોરોના ટેસ્ટ કરાવવા માટે સરકારી કે ખાનગી લેબમાં પહોંચી જાય છે. જેને પગલે શહેરમાં રોજના અંદાજીત ૧૬૦૦ થી વધુ ટેસ્ટ થાય છે. જેમાં ગાંધીનગર મેડીકલ કોલેજના માઈક્રો બાયોલોજી વિભાગની લેબમાં હાલના સમયે અંદાજીત રોજના ૪૦૦ થી ૫૦૦ ટેસ્ટ થાય છે. તો બીજીબાજુ સેકટર-૨૧, સેકટર-૨, સચિવાલય અને સેકટર-૨૪ અને સેકટર-૨૯માં મળીને કોરોનાના રેપીટ ટેસ્ટ ૬૦૦ થી વધુ થાય છે. જયારે શહેરમાં વિવિધ સ્થળો પર આવેલી ખાનગી લેબોરેટીરમાં પણ રોજના અંદાજીત ૫૦૦ થી વધુ કોરોનાના ટેસ્ટીંગ માટે દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. હોળી-ધુળેટીના પર્વ બાદ વાઈરલ ફીવરના દર્દીઓની સંખ્યા પણ વધતા કોરોના ટેસ્ટીંગમાં ઉછાળો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ

મધુર ડેરી, 'ક' રોડ, ઈલેક્ટ્રોનીક્સ એસ્ટેટ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪ ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮

બટાટા ખરીદીની ટેન્ડર નોટીસ

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મધુર ડેરી, ગાંધીનગર વેજીટેબલ પ્રોજેક્ટ અંતર્ગત સંઘને ૫૦ મેટ્રીક ટનથી વધારે બટાટાની જરૂરિયાત છે. તો રસ ધરાવતા ઈસમોએ તેમના ભાવ / ઓફર બંધ કવરમાં દિન-૭માં ઉપરોક્ત સરનામે મોકલી આપવાના રહેશે. આવેલ ટેન્ડર / ઓફર / ભાવ સ્વીકારવો કે નહિ તેનો અબાધિત અધિકાર સંસ્થાના ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રી

ગાંધીનગર મનપાના ચૂંટણી જંગમાં વાવોલનો વેટ..!!

ભાજપ-કોંગ્રેસ તથા આપના મળીને વાવોલના વતની હોય તેવા ઉમેદવારોની નોંધપાત્ર સંખ્યા : વાવોલે અગાઉ પણ અનેક રાજકીય અગ્રણીઓ આપ્યાં છે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓનો મહાજંગ મંડાઈ ચુક્યો છે અને મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતપોતાના ઉમેદવોરની જાહેરાત પણ કરી દેવામાં આવી છે. જ્યારે પહેલીવાર ચૂંટણી લડી રહેલી આમ આદમી પાર્ટી દ્વારા તા. ૧લી એપ્રિલે બાકી રહી ગયેલી બેઠકો પર ઉમેદવારો જાહેર કરવામાં આવશે. આ વખતે પહેલીવાર મનપામાં સામેલ થઈ કોર્પોરેશનની ચૂંટણીઓ પામેલા વાવોલ વિસ્તારના ઉમેદવારો ત્રણેય પક્ષોમાંથી નોંધપાત્ર સંખ્યામાં ટિકિટ મેળવવામાં સફળ રહ્યાં છે.

વાવોલ શરૂઆતથી જ રાજકારણ ક્ષેત્રે અત્યંત સંવેદનશીલ વિસ્તાર સાબિત થયું છે અને વાવોલે મોટી સંખ્યામાં રાજકીય અગ્રણીઓ આપ્યાં છે. આજે ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ જાહેર થયેલા ઉમેદવારોમાં વાવોલના હોય તેવા ઉમેદવારોની સંખ્યા નોંધપાત્ર રીતે જોવા મળી રહી છે ત્યારે આગામી સમયમાં મહાનગરપાલિકાના વિકાસ અને વહીવટમાં વાવોલ મહત્વની ભૂમિકા ભજવશે તે સ્પષ્ટ થઈ ગયું છે.

ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલી દરેક વોર્ડના ઉમેદવારોની યાદી જોઈએ તો વાવોલ-કોલવડા વોર્ડ નં. ૭ માં પ્રેમલસિંહ પૂંજાજી ગોલ અને શૈલેષ પટેલ વાવોલના હોવા સાથે ભાજપે વોર્ડ નં. ૮ માં છાયાબેન ત્રિવેદી અને રાજેશકુમાર રાવજીભાઈ પટેલને પણ ટિકિટ આપી છે જેઓ પણ વાવોલના છે. આ ઉપરાંત વાવોલના પૂર્વ ડેપ્યુટી સરપંચ ભાવનાબા વિક્રમસિંહ ગોલને વોર્ડ નં. ૬ માંથી ભાજપે ટિકિટ આપીને નવી જ વ્યુહરચના અપનાવી છે.

બીજી તરફ કોંગ્રેસ દ્વારા વોર્ડ નં. ૭ માં અગ્રણી બિલ્ડર દેવુભા ગોલ તથા પાટીદાર ઉમેદવાર તરીકે ઉષાબેન ગીરીશકુમાર પટેલને ટિકિટ આપી છે. આમ આદમી પાર્ટી દ્વારા જયાબેન પંડ્યાને વોર્ડ નં. ૭ માંથી ટિકિટ આપી છે અને હજુ આ વોર્ડમાં એક ઉમેદવાર જાહેર થવાના બાકી છે. આ ઉપરાંત વાવોલના સરપંચ નગીનભાઈ નાડિયાએ વોર્ડ નં. ૬ માંથી આપ પાર્ટી ટિકિટ આપે તેવી પુરેપુરી શક્યતા છે તે જોતા ગાંધીનગર મનપાના ચૂંટણી જંગમાં વાવોલના ૯ થી ૧૦ ઉમેદવારો સામેલ હશે.